ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

૭૩ મું વાર્ષિક
અધિવેશન અંક
વર્ષ :૨૦૨૧

## લોકસેવા

મોમીનની નજરમાં અલ્લાહની આ સૃષ્ટિમાં બધું સમાન છે. તે સર્વેને દયા અને કરૂણાની નજરે જુએ છે. તેનું ધ્યાન સહાનુકંપાથી સભર હોય છે. તે તો સર્વેને કેવળ મિત્રભાવે જુએ છે. કોઈ દુઃખીને જુએ છે કે તેનું હૃદય દ્રવી જાય છે, તેનું દુઃખ-દર્દ દૂર કરવા તે આપોઆપ જ પ્રવૃત્ત બને છે. કોઈને આફતમાં ફસાયેલ જુએ છે કે તરત તેની વહારે દોડે છે. એનાં સુખ-ચેન સૌનાં સુખ-ચેનમાં સમાયેલાં હોય છે. એના જીવનનો હેતુ માનવસેવા હોય છે. તે આલોક અને પરલોકના સરદાર (સલ.)ના અનુસરણમાં સૌનાં દુઃખદર્દમાં ભાગીદાર થવામાં પોતાની ફરજ સમજે છે, તે પોતે કરેલા ઉપકારનો કશો બદલો ઈચ્છતો નથી. અરે, તે ઉપકારના ભાવ પણ સેવતો નથી. તે તો પોતે કરવા જેવું કાર્ય કર્યાનો નિર્મળ સંતોષ જ અનુભવે છે. <u>માનવમાત્રની સેવા એ મોમીનનો મુખ્ય ગુણ છે</u> - <u>કહો કે શ્રેષ્ઠ સદ્‌ગુણ છે</u>. ■

• મસ્ત મંગેરા

માહે સફર ૧૪૪૨ | માર્ચ - ૨૦૨૧ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## સોસાયટીની મેનેજીંગ કમિટીની મિટીંગમાં બે વર્ષ માટે મેનેજીંગ કમિટીના ચેરમેન (અધ્યક્ષ) તરીકે જ. સલીમભાઇ એફ. પટેલ સા. સા. ની સર્વાનુમતે વરણી



**તા.૨૦-૨-૨૦૨૧** શનિવારના રોજ નવી ટર્મની પ્રથમ મેનેજીંગ કમિટીની મિટીંગ સંસ્થાના સક્રીય કાર્યકર **જ. સલીમભાઇ એફ. પટેલ સા.**ના અધ્યક્ષ પણા હેઠળ મળી હતી. **જ.મેહમુદ હૈદર વોરાજી સા.**ના તિલાવતે કુર્આન શરીફ બાદ મર્હુમોના દુ:ખદ ઇન્તેકાલની નોંધ લઇ મર્હુમો માટે દુઆએ મગફીરત કરવામાં આવી. ગઇ મિટીંગની મિનીટ્સ સભા સમક્ષ વાંચી સંભળાવી સૌ સભ્યો સાહેબોએ મંજૂરીની મહોર મારી.બે વર્ષ માટેના મેનેજીંગ કમિટીના ચેરમેન તરીકે **જ. સલીમભાઇ એફ. પટેલ સા. આલીપોર** ના નામની દરખાસ્ત **જ.યુસુફભાઇ પટેલ સા. કોસંબા** એ મુકતા **જ.ઇકબાલભાઇ ઉનીયા સા. નવસારી** ના ટેકા સાથે સભાજનોએ સર્વાનુમતે મંજૂરીની મહોર મારી. વિવિધ કમિટીના નામો બોલવામાં આવ્યા. સભ્યો સાહેબોને અધિકાર આપવામાં આવ્યો હતો કે પોતાની પસંદગીની કમિટીમાં પોતાનું નામ લખાવી શકે.એ કમિટીની નિમણૂંકનું કાર્ય પણ સર્વાનુમતે સંપન્ન થયું.

### જઝાકુમુલ્લાહ

- **જ. ઇમ્તિયાઝ અહમદ મોહંમદ પટેલ સા. મુંબઇ** તરફથી **રૂા.૫૦,૦૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જ.અહમદભાઇ ઉમર સા. જીતાલી** હસ્તે મળ્યા છે.
- **મસ્જીદે ઉમર, લંડન-યુ.કે.** તરફથી **રૂા.૨૯,૪૦૦/-** સોસાયટીના ઝકાત તેમજ સદકાફંડમાં મળ્યા છે.
- **મર્હુમા શીરીન મોહમદ દાદાભાઇ સા.**ના સવાબ માટે તેમજ **જ. મોહમદ અહમદ દાદાભાઇ સા. મોટાવરાછા** તરફથી **રૂા.૧૭,૦૦૦/-** મોહમદ એન્ડ મર્હુમ આઝમ દાદાભાઇ સ્કોલરશીપ નામજોગફંડમાં **જ.મેહમુદ હૈદર વોરાજી સા.** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

### કેનેડાથી લવાજમના રૂા. ૧,૦૦,૭૦૫/- મળ્યા

આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ કેનેડા ખાતેના માનદ્ પ્રતિનિધીઓ **જ.મહમદભાઇ મહેતા સા.,જ.શબ્બીરભાઇ મહેતા સા.,જ.ઉસ્માનભાઇ સાજી સા.** તથા **જ. ઇદ્રીસભાઇ ભૈયાત સા.** એ વહોરા સમાચારના **૨૦ ગ્રાહકો** પાસેથી **રૂા.૧,૦૦,૭૦૫/-** નું લવાજમ ઉઘરાવી વહોરા સમાચારના ખાતામાં મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહપાક આપની આ ખિદમતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

### આપણા સમાજનું ગૌરવ

**B.H.M.S.**



**રાંદેર**ના વતની **સુહૈમા ઉમરફારૂક સાલેહભાઇ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ **B.H.M.S.** ની પરીક્ષા શ્રી સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વ્યારા માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ડૉક્ટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**C.A.Foundation**



આપણી સોસાયટીના મેનેજીંગ કમિટી ના સભ્ય **જ.મોહંમદ અબુબકર અશરફ સા.**રાંદેરની નેક દુખ્તર **ફાતીમા મોહંમદ અશરફ** એ ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા નવેમ્બર-૨૦૨૦ માં લેવાયેલ **C.A.Foundation** ની પરીક્ષા ફર્સ્ટ કલાસ વીથ ડિસ્ટિંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**C.S.Foundation**



**રાંદેર**ના વતની **કાસીમ અબ્બાસ હાંસ** એ ઇન્સટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા લેવાયેલ **C.S.Foundation**ની પરીક્ષામાં કુલ ૪૦૦ માંથી ૩૩૪ માર્કસ મેળવી ઓલ ઇન્ડિયા રેન્ક **(AIR)-12** અને સુરત ખાતે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે **તે બદલ મુબારકબાદ.**

**B.Sc. થયા**



મૂળ **આલુંજ** અને હાલ **વાવ** સ્થાઇ **મુબસ્સીર મો.સલીમ પટેલ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **B.Sc.**ની પરીક્ષા નવયુગ સાયન્સ કોલેજ, સુરત માંથી ફર્સ્ટ કલાસ વીથ ડિસ્ટિંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

# વહોરા સમાચાર

▪ **હદીસ શરીફ**

● મોટાભાગના લોકો જે બે બાબતોનું મૂલ્ય સમજતા નથી કે તેનો લાભ ઉઠાવતા નથી તે બે બાબતો તંદુરસ્તી અને ફૂરસદ છે.

▪ **મુકતક**

પાણીમાં હરીફોની હરીફાઈ ગઈ,
શકિત ન હતી, અલ્પતા દેખાઈ ગઈ;
દરિયાનું માપ કાઢવા, નાદાન નદી,
ગજ એનો લઈ નીકળી ખોવાઈ ગઈ.


અંક : ૦૩

માસઃ - માર્ચ ૨૦૨૧

માહેઃ રજજબ ૧૪૪૨

તંત્રી : મસ્ત મંગેરા


▪ **મુકતકો**

દુઃખદર્દની તદબીર દિલાસા ન થયા,
નિષ્પ્રાણ પ્રયાસો કદી ઈચ્છા ન થયા;
વધતો નથી આભાસ હકીકતથી કદી,
સ્વપ્નાઓ કદી નીંદથી લાંબાં ન થયા.

***

પરિશ્રમ જાગરણ સાહિત્યનો કાનૂન માંગે છે,
બીજા શબ્દોમાં કહીએ તો જિગરનું ખૂન માંગે છે;
નથી સાહિત્યને સ્પર્શી શકાતું અલ્પ વાણીથી,
કદી આકાશ ભીંજાતું નથી વાદળના પાણીથી.

▪ મરીઝ

## ▪ તંત્રી સ્થાનેથી...!

### સોસાયટી અમર રહો...

ભારતને આઝાદી મળી તે જ વરસે આપણી આ સોસાયટીની સ્થાપના થયેલી અને એક લાંબો ગાળો આ સંસ્થાએ પસાર કર્યો અને હજુયે સંસ્થા કાર્યરત છે.

સમાજના જરૂરતમંદ નવનિહાલોને શિક્ષણ માટે, સમાજમાં વસતા ગરીબો/જરૂરતમંદોને બિમારી પ્રસંગે અને બેવા બહેનોને આજીવિકા અર્થે મદદરૂપ થઈ રહેલી આ સંસ્થા અડીખમ ઉભી છે.

એક લાંબા અરસાથી ચાલી રહેલી આ સંસ્થા એના નકકી કરેલાં કામોને ઘણી સારી રીતે અદા કરી રહી છે. દેશ-પરદેશમાં વસતા હજારો વિદ્યાર્થીઓને આ દિની, દુન્યવી અને ટેકનીકલ ક્ષેત્રે ઉપયોગી થઈ છે અને થઈ રહી છે. સમાજના સમજદાર લોકો એને ગૌરવની લાગણી સાથે જુએ છે અને સહાયક બને છે.

એના કાર્યકરો પણ સંસ્થાના હોદ્દાને અનુરૂપ કાર્યમાં સતત આગળ વધતા રહે છે. હોદ્દેદારો બદલાઈ પણ એના કાર્યમાં કોઈ જગ્યાએ ખોટ વર્તાઈ નથી એ બાબત સંસ્થા માટે ઘણી ઘણી સારી કહેવાય. સંસ્થા એના કાર્યને આગળ વધારવા સદા જાગૃત રહે છે.

રહયા મદદગારો, એમણે પણ સંસ્થાને ઘણી સારી રીતે સાચવી લીધી છે. જયારે જયારે સંસ્થાને નાના/મોટા કામો માટે આર્થિક મદદની જરૂર પડી તેને પૂરી કરી છે.

એ સૌનો આભાર માનવો જ રહયો. આ સંસ્થાનું અધિવેશન સંપૂર્ણ વ્યવસ્થિત રીતે પૂર્ણ થયું તેનો અતિ આનંદ. આ સંસ્થા ઘણા લાંબા સમય સુધી સેવા કરતી રહે એવી દિલી લાગણી સાથે...સૌનો આભાર માનીએ છીએ. સલામ....આદાબ.

▪ મસ્ત મંગેરા (કાંગવઈ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાનઃ- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## સોસાયટી તરફથી બેવાહ બહેનોને સહાય

**સને ૧૯૭૮-૭૯** માં **મર્હુમ હાજી અહમદ બિલાખડી લહેર સા.**ના સૌજન્ય તથા મદદથી વાર્ષિક **રૂા.૧૦૦** ની મદદ આપવાની કરેલી શરૂઆત આજે અલ્હમદુલીલ્લાહ **વાર્ષિક રૂા.૬૫૦૦/-** આપવા શકિતમાન થયા છે. જેમાં લંડન - અમેરીકામાં **મર્હુમ જી.એમ.ઇ.કથરાદા સા.** ના પ્રયત્નોથી બેવાહબહેનો માટે સારી એવી મદદ દર વર્ષે મળે છે. એ સિવાય અન્ય દેશોમાંથી પણ મદદનો પ્રવાહ આવતો રહે છે. બેવાહ બહેનોના આસું લુછવાના કરી રહેલા પ્રયત્નોને માબુદે કરીમ કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જર્હાનમાં અતા ફરમાવે. આમીન.

વાર્ષિક રૂા.૬૫૦૦/- ની મદદ પણ ખુબજ નજીવી મદદ છે. આ તકે સખી દાતાઓને નમ્ર અપીલ કરી રહયા છીએ કે આ બેવાહ ફંડમાં પણ દીલ ખોલીને મદદ આપી - અપાવો.

**સને ૨૦૨૦ - ૨૦૨૧ માં ૮૫૧ બેવાહ બહેનોને વાર્ષિક રૂા.૬૫૦૦/- પ્રમાણે કુલ રૂા.૫૫,૩૧,૫૦૦/- ની સહાય સોસાયટીએ કરી છે.**

### બેવાહ બહેનોની ગામવાર યાદી

**ઉત્તર વિભાગ**

| ગામ | સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૦૫ |
| અંકલેશ્વર | ૦૩ |
| પીરામણ | ૦૭ |
| દીવા | ૧૯ |
| ઉમરવાડા | ૨૪ |
| આલુંજ | ૦૯ |
| રવિદરા | ૧૫ |
| કરમાલી | ૦૪ |
| પાનોલી | ૨૨ |
| ઘોડાદરા | ૦૩ |
| સંજાલી | ૦૨ |
| ભાદી | ૪૨ |
| ખરોડ | ૨૪ |
| કાપોદરા | ૦૪ |
| કોસમડી | ૧૦ |
| જીતાલી | ૦૧ |
| દઢાલ ઇનામ | ૧૫ |
| અમદાવાદ (દઢાલ) | ૦૨ |
| ન.કરારવેલ | ૧૧ |
| કોંઢ | ૧૮ |
| ડુંગરી (વાલીયા) | ૦૨ |
| સીલુડી | ૧૮ |
| કરસાડ | ૦૫ |
| વાંદરયા | ૦૧ |
| ધામરોડ | ૦૨ |
| હથુરણ | ૨૯ |
| કોસંબા | ૧૯ |
| લુવારા | ૧૨ |
| દિણોદ | ૦૩ |
| આંકડોદ | ૦૭ |
| કોસાડી | ૨૫ |
| શાહ | ૦૧ |
| મો.માંગરોળ | ૦૨ |
| મોસાલી | ૦૯ |
| વસરાવી | ૦૫ |
| પાતલ | ૦૧ |

**મધ્ય વિભાગ**

| ગામ | સંખ્યા |
|---|---|
| નાની નરોલી | ૨૮ |
| તડકેશ્વર | ૩૫ |
| વરેઠી | ૦૫ |
| કરંજ | ૦૪ |
| કીમ-કઠોદરા | ૦૫ |
| ઘરમપોર | ૦૧ |
| બૌધાણ | ૧૨ |
| મુંજલાવ | ૦૭ |
| ઘલાં | ૦૪ |
| કઠોર | ૨૮ |
| ખોલવડ | ૧૦ |
| સાયણ | ૦૩ |
| અંત્રોલી થારોલી | ૦૧ |
| વરીયાવ | ૧૩ |
| કોસાડ | ૦૮ |
| સુરત | ૩૪ |
| ઉન (સુરત) | ૦૧ |
| રાંદેર | ૩૮ |
| મોટાવરાછા | ૦૧ |
| ઉધના | ૦૨ |
| બરબોધન | ૦૩ |
| બલેશ્વર | ૧૨ |
| એકલેરા | ૦૪ |
| મરોલી | ૦૧ |
| સામરોદ | ૦૪ |
| લાજપોર | ૧૯ |
| કફલેતા | ૨૦ |
| વાંકાનેર | ૦૨ |
| શંકરતલાવડી | ૦૨ |
| બારડોલી | ૦૭ |
| ઇસરોલી | ૦૧ |
| વાલોડ | ૦૪ |
| કડોદ | ૦૪ |
| વ્યારા | ૦૧ |
| સોનગઢ | ૦૨ |
| નવાપુર | ૦૫ |
| બાજીપુરા | ૦૧ |

**દક્ષિણ વિભાગ**

| ગામ | સંખ્યા |
|---|---|
| ડાભેલ | ૧૦ |
| સીમલક | ૦૫ |
| વેસ્માં | ૧૨ |
| વાડાગામ | ૦૮ |
| કાલાકાછા | ૦૧ |
| તરાજ | ૦૩ |
| નવસારી | ૦૨ |
| મોલધરા | ૦૫ |
| ભટ્ટાઇ | ૦૨ |
| ખેરગામ (નવસારી) | ૦૫ |
| મટવાડ | ૦૪ |
| ભોરીયા | ૦૩ |
| આલીપોર | ૧૬ |
| અંભેટા | ૦૪ |
| ખુંધ ભટલી | ૦૨ |
| હરણગામ | ૧૨ |
| માણેકપોર | ૧૦ |
| જોગવાડ | ૦૯ |
| બામણવેલ | ૦૨ |
| ચાંપલધરા | ૦૨ |
| ચાસા | ૦૭ |
| કુમકોતર | ૦૧ |
| રેઠવાણીયા | ૦૧ |
| સુરખાઇ | ૦૨ |
| વકાસરીયા | ૦૧ |
| પેરા-સરોણા | ૦૨ |
| ચીતાલી | ૦૫ |
| મા.ટંકોલી | ૦૧ |
| સરૈયા | ૦૧ |

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું ૭૩ મું વાર્ષિક અધિવેશન

**તા.૩૧-૦૧-૨૦૨૧** **સ્થળ:- કોસંબા**

બિસ્મીહી તઆલા

આપણી સોસાયટીનું **૭૩** મું વાર્ષિક અધિવેશન **તા.૩૧-૦૧-૨૦૨૧** ના **રવિવાર**ના રોજ **સવારે ૧૦:૩૦ કલાકે** આપણી એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ,કોસંબા ખાતે સંસ્થાના પ્રમુખ **જનાબ યુસુફભાઇ ઇશાકજી પટેલ સા.** ના પ્રમુખપણા હેઠળ તેમજ અતિથી વિશેષ **જનાબ ઝુબેરભાઇ બોટાવાલા સા.** ની ઉપસ્થિતીમાં રાખવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના પેટ્રન,વાઇસ પેટ્રન, લાઇફ મેમ્બર, કમિટી સભ્યો, ગામે ગામના પ્રતિનિધીઓ અને આગેવાનો, ઉલમાએ કિરામ તેમજ પરદેશથી પધારેલા મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સૌ પ્રથમ અધિવેશનની શરૂઆત **હાફિઝ મઆઝ કાસીમ પટેલ સા.** ની કિરાઅતથી કરવામાં આવી હતી.
**દુઆએ મગફિરત :-** દેશના લોક લાડીલા નેતા,ગુજરાતના પનોતા પુત્ર, સોનીયાજીના રાજકીય સલાહકાર, કોગ્રેસના કદાવર નેતા,આપણી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તેમજ રાજય સભાના સભ્ય **મર્હુમ જનાબ અહમદભાઇ મહમદ પટેલ સા.**,આપણી સંસ્થાના પ્રમુખ **મર્હુમ જનાબ અહમદભાઇ બોબાત સા.,** આપણી સંસ્થાના મધ્ય વિભાગના ઉપ પ્રમુખ **મર્હુમ જનાબ મોહંમદ ઇસ્માઇલ કારા સા.**,આપણી સંસ્થાના હિતેચ્છુ હમદર્દ તેમજ કેનેડા ખાતેના માનદ્ પ્રતિનિધી **મર્હુમ જનાબ હુશેન અહમદ (બાબુ) ભાયાત સા.**,આપણી સંસ્થાના હિતેચ્છુ હમદર્દ તેમજ યુ.કે.ખાતેના માનદ્ પ્રતિનિધી **જનાબ અહમદ ઇસ્માઇલ વાવડા સા.** ના વાલેદા **મર્હુમા મોહતરમા ખતીજાબહેન** તથા અન્ય નામી-અનામી મર્હુમોની મગફિરત માટે દુઆ **જ. મુફતી અલ્તાફ ડુંગરીવાલા સા.**એ કરાવી હતી.

**મર્હુમ અહમદભાઇ પટેલ સાહેબના માનમાં પ્રસિધ્ધ થયેલ વહોરા સમાચારનો વિશેષ અંક દેશ-વિદેશથી પધારેલ સર્વે મહેમાનોને આપવામાં આવ્યો હતો.**

**ત્યારબાદ** સોસાયટીના પ્રમુખ **જ. યુસુફ ઇશાકજી પટેલ સાહેબે** પરદેશથી પધારેલા મહેમાનો,ગામેગામથી પધારેલા સોસાયટીના પ્રતિનિધીઓ, કાર્યકરો, અગ્રણીઓ અને સોસાયટીના પેટ્રન,વાઇસ પેટ્રન,લાઇફ મેમ્બર વિગેરેનું ૭૩ માં અધિવેશનમાં આવવા બદલ સ્વાગત કરતાં જણાવ્યું કે આપણે જયાં બેઠા છીએ તે ડૉ.જી.આઇ.મોતાલા કેમ્પસ છે.આપણી આ એ.વાય.દાદાભાઇ કોલેજમાં સોસાયટીનું આ છઠ્ઠુ (૬) અધિવેશન છે. આજે ખુબ જ દુ:ખ સાથે કહેવુ પડે છે કે આપણી સોસાયટીના આધારસ્તંભ એવા **જ.અહમદભાઇ પટેલ સા.,જ.અહમદભાઇ બોબાત સા., જ.બાબુભાઇ ભાયાત સા.,મોહંમદભાઇ કારા સા.,**આપણા અગ્રણીય **આલીમો** અને સોસાયટીના લાગણી સભર દેશ-પરદેશના **મહાનુભવો-દાનવીરો** આપણે કોરોનામાં ગુમાવ્યા છે.આપણે દુઆ પણ કરી છે.અલ્લાહપાક તમામ મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મકામ અતા ફરમાવે.**આમીન.**

ગયા વર્ષે કોવીડ ના કારણે દેશ-પરદેશમાં રમઝાન ચંદામાં ઘણી તકલીફો હતી, છતાં અલ્લાહપાકના ફઝલો કરમથી આપણા દેશમાં તથા વિદેશમાં કેનેડા,ઓસ્ટ્રેલીયા,યુ.કે.,અમેરીકા,સા.આફ્રિકા વિગેરે દેશોમાં પણ

દાનવીરોએ ઝકાત,સદકા,લીલ્લાહમાં દર વર્ષની જેમ ૧૦૦ ટકા મદદ કરી છે એ તમામ સાહેબોનો હું સોસાયટી વતિ આભાર માનું છું. અને કહયું કે આપણે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ બેવાફંડ, સ્કોલરશીપ,તબિબિ સહાય તથા હાયર એજ્યુકેશનમાં દોઢ કરોડ ઉપર મદદ કરી છે.પરંતુ હાયર એજ્યુકેશનમાં શિક્ષણ મોઘુ હોય આ મદદ હજુ પણ ઓછી હોય માટે આ તકે હું સોસાયટી વતિ વિનંતી કરૂં કે આપ સાહેબો સંસ્થાને વધુમાં વધુ મદદ કરે એવી અપીલ કરી હતી.

**ત્યારબાદ** દેશ-પરદેશથી પધારેલા મહેમાનોનો પરિચય આપતા સોસાયટીના ચેરમેન **જ.સલીમભાઇ એફ.પટેલ સા.**એ જણાવ્યું કે વહોરા સોસાયટીના વાર્ષિક અધિવેશનમાં ઉપસ્થિત તમામ સાહેબો,મહેમાનો,વડીલો,મિત્રો. આપણે એક કપરોકાળ ભોગવીને આજે અહિંયા આવ્યા છે. ચાલુ વર્ષે કોરોના કારણે આપણે જ. અહમદભાઇ પટેલ સા.,બીજા મહાનુભવો,સમાજના અગ્રણીય આલીમો વિગેરેને ગુમાવ્યા છે. જ.અહમદભાઇ પટેલ સા. એ સોસાયટીને તથા એ.વાય.દાદાભાઇ કોલેજને ઘણી જ મદદ કરી છે. એમને સોસાયટીની ખૂબ જ લાગણી હતી. અને આપણે કોઇપણ કામ લઇને એમની પાસે જતા હતા આપણું કામ થઇ જતું હતુ. જ. અહમદભાઇ ફકત સોસાયટીના નહીં પરંતુ સમગ્ર સમાજના,ગરીબોના હામી હતા. એમના જવાથી આપણે એક અનમોલ રત્ન ગુમાવ્યો છે. આપણી સોસાયટીના જીમ્મેદારોને,ટ્રસ્ટી મંડળને આપ સૌનો ખુબ જ સહકાર છે. એ અમારા માટે ખુશીની વાત છે.જેનાથી હમોને ખુબજ હિંમત મળે છે. અને અંતમાં આપ સૌને અમારી વિનંતી છે કે સોસાયટીના કામમાં તમોને કંઇ ઉણપ લાગે તો અમોને રાહ ચીંધશો અમો જરૂર ઘટતુ કરીશું.અંતમાં દેશમાંથી અને પરદેશમાં ખાસ કરીને કેનેડા, અમેરીકા,ઓસ્ટ્રેલીયા, યુ.કે., સા.આફ્રિકા વિગેરે દેશોમાંથી પણ આપણને મોટી મદદ મળે છે તે સૌનો પણ ખુબ ખુબ આભાર.

## પરદેશથી પધારેલા મહેમાનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. જ. યુસુફ ઇબ્રાહીમ પીપરડી સા. | રાંદેર | યુ.કે. | ૫. જ. સુલેમાન યુસુફ પટેલ સા. | મહુવેજ | કેનેડા |
| ૨. જ. ઇમરાન મુસા બદાત સા. | બૌધાણ | યુ.કે. | ૬. જ. અહમદઝકરીયા ગંગાત (મરહુમ) | ઉમરવાડા | કેનેડા |
| ૩. જ. રશીદ યુસુફ પાંચભાયા સા. | દઢાલ | દુબઇ | ૭. જ. સોએબભાઇ બાવા સા. | કોસંબા | યુ.કે. |
| ૪. જ. ઇસ્માઇલ ગોરા મુલ્લા સા. | હથુરણ | કેનેડા | ૮. યાકુબભાઇ ભૈયાત સા. | કોસંબા | યુ.કે. |

પરદેશથી પધારેલા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત સોસાયટીના ઓન.જન. સેક્રેટરી **જ. અહમદભાઇ ઉનીયા સા.** તથા ટ્રેઝરર **જ.અ.સમદભાઇ બલેસરીયા સા.**એ કર્યુ હતુ.

**ત્યારબાદ** દેશ-પરદેશના સોસાયટીના હિતેચ્છુઓ અને દાતાઓ જેઓ આજે અધિવેશનમાં ઉપસ્થિત ન રહી શકયા, પરંતુ તેમણે આજના અધિવેશન માટે શુભેચ્છા સંદેશા મોકલ્યા છે તેઓના નામો રજુ કરતાં **જ.મહમદ એમ.ભાણા પટેલ સાહેબે** જણાવ્યું કે સોસાયટીએ ૭૨ વર્ષ પૂર્ણ કર્યા છે એજ એની પરીપૂર્ણ સીધ્ધી છે. જે સોસાયટી આજે બીનવિવાસ્પદ પારદર્શક અને સ્વચ્છ વહીવટ કરી રહી છે તે ઉલ્માઓ અને બુઝુર્ગોની દુઆથી તેમજ સોસાયટીના હમદર્દો અને દેશ-પરદેશના દાનવીરો થકી થાય છે એમ કહેવુ યોગ્ય છે.એનેજ આભારી છે.આજે આ સોસાયટીના આપણા વડવાઓએ ખૂબજ સુઝ-બુઝથી સંસ્થાની સ્થાપના અને સુંદર બંધારણ તૈયાર કરી ખુબ જ નજીવી રકમ રૂા.૫૦૦૦/- થી શરૂ કરેલ સ્કોલરશીપનું કામ આજે ધીમે ધીમે મકકમ પગલા મુકી અલ્હમદુલ્લીલ્લાહ લગભગ **૧ કરોડ ૬૦ થી ૬૫ લાખ રૂપીયા બજેટ** સુધી પહોંચી શકયા છે જે સખી કૌમના દાનવીર પર આધારીત છે. હજુ પણ સોસાયટી આગળ વધવા માંગે છે તો આ તકે હું સોસાયટી વતિ વિનંતી કરૂં કે આપ મુરબ્બીઓ સંસ્થાને ખુબ મદદ કરે એજ અપેક્ષા.

## સોસાયટીની મિટીંગની સફળતા ઇચ્છતા દેશ-વિદેશથી આવેલા સંદેશાઓ

| | |
|---|---|
| ડૉ. યાકુબ મોહંમદ ગંગાત સા. | યુ.એસ.એ. |
| જ. મોહંમદ આઇ. પટેલ સા. | યુ.એસ.એ. |
| જ. અ.હયભાઇ પટેલ સા. | કેનેડા |
| જ. મોહંમદ એસ. મહેતા સા. | કેનેડા |
| જ. રસીદ સુલેમાન ઉમરજી સા. | યુ.એસ.એ. |
| જ. યુસુફભાઇ લીંબાડા સા. એન્ડ બ્રધર્સ | ઓસ્ટ્રેલીયા |
| જ. ઇબ્રાહીમ હસન વાડીવાલા સા. | યુ.એસ.એ. |
| ડૉ. મુસાજી ડી.એમ. લોખાત સા. | યુ.કે. |
| જ. ઇકબાલભાઇ બાંગી સા. | દુબઇ |
| જ. યુસુફ કાસમ મેમાન સા. | લેસ્ટર, યુ.કે. |
| જ. સલીમ હસનજી પટેલ સા. | વોલસોલ, યુ.કે. |
| જ. અબ્દુલ્લાહ ઇબ્રાહીમ મુલ્લાં સા. | રીયુનીયન |
| જ. ઐયુબભાઇ પાંચભાયા સા. | કેનેડા |
| જ. મહમદ કાસીમ સબાત સા. | લેસ્ટર, યુ.કે. |
| જ. અઝીઝભાઇ ઉનીયા સા. | બર્મીંગહામ, યુ.કે. |
| જ. મોહંમદભાઇ પાંડોર સા. (જીતાલીવાલા) | બાટલી, યુ.કે. |
| જ. સાજીદ યુસુફ પાંચભાયા સા. | કેનેડા |
| જ. મહમદભાઇ વડીયા સા. | કેનેડા |
| જ. ફારૂકભાઇ રઝાકાઝી સા. | કેનેડા |
| જ. યાકુબભાઇ પટેલ સા.(કારપેટવાલા) | ગ્લોસ્ટર, યુ.કે. |
| જ. યાકુબભાઇ કારા સા. | લંડન, યુ.કે. |
| જ. ઇબ્રાહીમ ગુલાહમુશેન પટેલ સા. | લંડન, યુ.કે. |
| જ. મોહંમદ અહમદ દાદાભાઇ સા. | કરાંચી |
| જ. અહમદ ઇસ્માઇલ વાવડા સા. | લંડન, યુ.કે. |
| જ. અલી આઝમ ઇસ્માઇલ સા. | લંડન, યુ.કે. |
| જ. સુલેમાન અહમદ દાદાભાઇ સા. | લંડન, યુ.કે. |
| જ. યુસુફભાઇ બદાત સા. | લંડન, યુ.કે. |
| જ. અકબર ઇસ્માઇલ બદાત સા. | લંડન, યુ.કે. |
| જ. મોહંમદઅલી હસનજી દરસોત સા. | કેનેડા |
| જ. સઇદભાઇ બોધાણીયા સા. | કેનેડા |
| જ. ઇદ્રીસભાઇ ભાયાત સા. | કેનેડા |
| જ. શબ્બીરભાઇ મહેતા સા. | કેનેડા |
| જ. યુસુફ ઇસ્માઇલ મોતાલા સા. | કેનેડા |
| જ. સોયબભાઇ ઘરૈયા સા. | કેનેડા |
| જ. શબ્બીરભાઇ મોતાલા સા. | કેનેડા |
| જ. અરસદ ગુલામ સીદાત સા. | નેનીટન, યુ.કે. |
| જ. સુલેમાનભાઇ (બાબુ) પટેલ સા. | કેનેડા |
| જ. મોહંમદભાઇ ભૈયાત સા. | નેનીટન, યુ.કે. |
| જ. હમીદભાઇ મલીક સા. | બર્મીંગહામ, યુ.કે. |
| જ. અનીસભાઇ અચ્છા સા. | બોલ્ટન, યુ.કે. |
| જ. અલી યુસુફ ટીલી સા. | પ્રેસ્ટન, યુ.કે. |
| જ. હાસીમભાઇ બોબાત સા. | જર્મની |
| મૌલાના ઇલ્યાસ દેસાઇ સા. | પ્રેસ્ટન, યુ.કે. |
| જ. અ.કાદરભાઇ લાલા સા. | યુ.એસ.એ. |
| જ. યુસુફ એમ. સીદાત સા. | લેસ્ટર, યુ.કે. |
| જ. શોકતભાઇ દરસોત સા. | કેનેડા |
| જ. ઉસ્માનભાઇ પટેલ સા. | કેનેડા |
| જ. અશરફભાઇ હકીમ સા. | પેરીસ |
| જ. સાદીક યાકુબ ભૈયાત સા. | સંજાલી |
| જ. મોહંમદ સુલેમાન પીર સા. | લંડન, યુ.કે. |
| જ. સોયબભાઇ હાફેજી સા. | એકલેરા |
| જ. હુશેનભાઇ પટેલ સા. | અમેરીકા |
| જ.મોબીનભાઇ ગલીયારા સા. | બારડોલી |

**ત્યારબાદ** સોસાયટી સંચાલિત એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબાનો પ્રોગ્રેસ રીપોર્ટ સંસ્થાના **ડાયરેકટર જ.મો.હનીફભાઇ દાલચાવલ સાહેબે** આપ્યો.

## સંસ્થાનો પ્રોગ્રેસ રિપોર્ટ 2020

બિસ્મિહી તઆલા

## એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ,કોસંબા

કોસંબા-મહુવેજ રોડ, મુ.પો. કોસંબા, તા. માંગરોલ, જી. સુરત-૩૯૪ ૧૨૦. ફોન : (૦૨૬૨૯) ૨૩૫૯૫૧-૫૨

E-mail : aydtech@yahoo.com Website : www.aydadabhaitech.org

અસ્સલામુઅલયકુમ વ.વ.

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લીમ એજ્યુકેશન સોસાયટી, સુરત દ્વારા સંચાલિત એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા 2020 માં પોતાના 12 વર્ષ ઝળહળતી સફળતા સાથે પુરા કર્યા. અલહમ્દુલ્લીલ્લાહ.

ડીપ્લોમા એન્જીનીયરીંગના અભ્યાસમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સંસ્થાએ પોતાનું વિશિષ્ટ અને આગવું સ્થાન જાળવી રાખ્યું છે.

વર્ષ ૨૦૨૦ **Covid-19** ની **Pandemic** પરિસ્થિતીના કારણે સૌથી વધુ અસર **Education** માં થઇ.સતત નવ મહિનાથી સંસ્થામાં વિદ્યાર્થીઓની ગેરહાજરી રહી પણ **on-line** એજ્યુકેશન ચાલું રહયું. એન્જીનીયરીંગના અભ્યાસમાં પ્રેકટીકલ-ટર્મ વર્કનું સૌથી વધુ મહત્વ છે, જે **On-line** માં ખોરવાયું છે, છતાં સંસ્થા ૨૭ મી મે ૨૦૨૦ થી ચાલુ થઇ અને દરેક સ્ટાફ પોતાની ફરજ પર હાજર થઇ યુનીવર્સીટીના નિયમાનુસાર કાર્ય શરૂ થયું. પ્રથમ,ત્રીજુ અને પાંચમુ સેમેસ્ટર **On-line** કલાસ દ્વારા પુરૂ થયું, સાથે જ પરીક્ષાઓ પણ **On-line** લેવાઇ.

ઓગષ્ટ-૨૦૨૦ માં ફાઇનલ સેમેસ્ટર **(VI Sem)** ની **On-line** પરીક્ષા ત્રણ તબકકામાં લેવાઇ. **A.Y.D.** ખાતે ફાઇનલ સેમેસ્ટરમાં કુલ ૧૯૯ વિદ્યાર્થીઓ હતા ને તમામ ૧૯૯ વિદ્યાર્થીઓ **GTU** દ્વારા લેવાયેલ પરીક્ષામાં પાસ થઇ સંસ્થાનું ૧૦૦ ટકા રીઝલ્ટ આવ્યું. બીજા અને ચોથા સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને **Merit Based Maas Promotion** પાછલા સેમેસ્ટરના રીઝલ્ટના ૫૦**%** અને ઇન્ટરનલ પરીક્ષાના ૫૦**%** માર્કસના આધારે **Mass Promotion** આપવામાં આવ્યું.

ચાલુ વર્ષે સફળ થનાર વિદ્યાર્થીઓમાંથી ૧૦૦ વિદ્યાર્થીઓએ મેરીટના આધારે વધુ અભ્યાસ અર્થે ડીગ્રી કોલેજમાં પ્રવેશ મેળવ્યો. લોકડાઉન પછી પણ ચાલુ વર્ષે ઘણી કંપનીઓના કેમ્પસ ઇન્ટરવ્યુ થયા. **Breaks India Jhagadia, Ansa Packajing, L&T Hajira, Tata Power, Cadila Pharma** વિગેરે કંપની દ્વારા આપણી સંસ્થામાં **Campus Interview** થયા, જેમાં કુલ ૪૬ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. કેટલાક વિદ્યાર્થીઓ **Abroad** જવા માટે **IELTS** ની તૈયારી કરી રહયા છે.

**Admission** આ વર્ષ પણ એન્જીનીયરીંગમાં એડમીશન બાબતે નિરાશાજનક રહયું. સમગ્ર ગુજરાતમાં ૬૦% થી વધુ બેઠકો ખાલી રહી. સરકારી પોલીટેકનીક જ્યાં ફી માત્ર રૂા.૧૦૦૦/- વાર્ષિક છે ત્યાં પણ ઘણી બધી બેઠકો ખાલી રહી, પરંતુ અલહમ્દુલીલ્લાહ એ.વાય. દાદાભાઇ ખાતે આપણે ૮૦% બેઠકો ભરી સમગ્ર સાઉથ ગુજરાતમાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં સૌથી વધુ એડમીશન કરી શકયા.

## Activities:

1. **ISTE (Indian Society for Technical Education) (Goverment of India)** દ્વારા માન્ય ત્રણ દિવસનો **Faculty Development Programme (On-line)** યોજવામાં આવ્યો. વિષય **Application of Artificial Intelligence in Engineering** જેમાં આપણી સંસ્થા સહિત દક્ષિણ ગુજરાતના કુલ ૩૫ ફેકલ્ટી મેમ્બરોએ ભાગ લઇ **ISTE** નું સર્ટીફિકેટ મેળવ્યું.
2. **9th January** થી **13th January** માં **Sports week** નું આયોજન થયું, જેમાં ૩૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ જુદી-જુદી રમતોમાં ભાગ લીધો. વિજયી ટીમ/વિદ્યાર્થીઓને મેડલ આપવામાં આવ્યા.
3. **A.G. Bobat Bank Scheme** હેઠળ ચાલુ વર્ષે ૫૨૦ વિદ્યાર્થીઓએ આ સ્કીમનો લાભ લીધો. આ સ્કીમ હેઠળ જે તે સેમેસ્ટરની **Books** ફકત સર્વીસ ચાર્જ લઇને આપવામાં આવે છે.
4. ઓલ ઇન્ડીયા લેવલે મેડીકલમાં પ્રવેશ માટે લેવાતી **NEET Exam** માટે આ વર્ષે પણ આપણી સંસ્થાની પસંદગી થઇ અને ૧૩ મી સપ્ટેમ્બરે સરકારની **SOP** મુજબ **Covid Care** સાથે સફળતા પૂર્વક પરીક્ષા લેવાઇ.
5. **AICTE (Goverment of India)** દ્વારા દરેજ એન્જીનીયરીંગ કોલેજ અને પોલીટેકનીક માટે ૨૦૨૦ પહેલા **NBA (National Board of Accreditation)** નું સર્ટીફિકેટ મેળવવું ફરજીયાત છે તે માટે આપણી સંસ્થા માર્ગદર્શક તરીકે **Roorki IIT** ના રીટાયર્ડ **HOD DR. G.L. ASAWA** ની નિમણૂંક કરવામાં આવી આ બાબતે તૈયારી ચાલુ છે.આપ તમામને વિનંતી કે આ માટે જરૂરથી દુઆ કરશો.

## યુનુસ ઇકબાલ મુલ્લાં - હથુરણનું સન્માન:

આપણી એ. વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા ના ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ ડીપાર્ટમેન્ટમાં

અંતિમ વર્ષ (છઠઠા સેમેસ્ટર) માં અભ્યાસ કરનાર વિદ્યાર્થી યુનુશ ઇકબાલ મુલ્લાં, હથુરણ એ પરીક્ષામાં ૧૦ માંથી ૧૦ CGPA મેળવી ગુજરાતની ૧૩૨ પોલીટેકનીક માંથી ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ વિભાગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ઝળહળતી સિધ્ધી હાંસલ કરેલ છે. જેમને ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી (GTU) દ્વારા ગોલ્ડ મેડલ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

આ હોનહાર વિદ્યાર્થીને સોસાયટીના અધિવેશનમાં મુખ્ય મહેમાન **જનાબ ઝુબેરભાઇ બોટાવાલા સાહેબ-મુંબઇ (રાંદેર) તરફથી રૂા. ૫૦૦૦/-** તથા **એક મુસ્લિમ ભાઇ - વરીયાવ તરફથી રૂા.૧૦૦૦/-** પ્રોત્સાહનરૂપે રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.

એમના સન્માન બદલ **ભાઇ યુનુસે** જણાવ્યું કે આ ખુશીના મોકા પર સૌ પ્રથમ તો હું અલ્લાહનો શુક્ર અદા કરું છું કે જેની મદદ વગર કોઇ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવી શકય નથી અને એનો મજીદ શુક્ર અદા કરું છું કે એણે મને આટલી સરસ સંસ્થામાં અભ્યાસ કરવાની તક આપી.ત્યાર બાદ હું મારા માતા પિતાનો દિલના ઉંડાણથી શુક્ર અદા કરું છું. આ કોલેજના ડાયરેકટર જ.હનીફભાઇ દાલચાવલ સા., તમામ મારા અધ્યાપક તેમજ ખાસ કરીને મને પ્રોત્સાહન પુરૂ પાડનાર ઇલેકટ્રીકલ ડીપાર્ટમેન્ટના HOD જ.શાકીરભાઇ દીનાથ સાહેબનો અને ખાસ કરીને માતૃ સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી તથા ટ્રસ્ટી મંડળનો ખૂબ ખૂબ આભાર માનુ છું અને દુઆ ગુજારું છું કે અલ્લાહપાક આપણી આ કોલેજને દિવસે દિવસે તરકકી અતા ફરમાવે.આમીન.

**ત્યારબાદ**

આજની **૭૩ મી વાર્ષિક જનરલ મિટીંગના** એજન્ડાનું કામ હાથ પર લેવાની જાહેરાત સોસાયટીના **પ્રમુખ જનાબ યુસુફભાઇ ઇશાકજી પટેલ સાહેબે** કરી,

**કાર્ય નં. ૧ : ૭૨** મી વાર્ષિક જનરલ મિટીંગની મિનિટસ્ જે વહોરા સમાચારના **માર્ચ-૨૦૨૦** ના અંકમાં પ્રગટ થઈ છે તેને મંજૂરી માટે સભા સમક્ષ રજૂ કરતા તેને સૌ સભાજનોએ એકી અવાજે બહાલી આપી.

**કાર્ય નં. ૨ :** સને **૨૦૧૯-૨૦૨૦** નો સોસાયટીનો વાર્ષિક અહેવાલ સોસાયટીના ઓન.જનરલ સેક્રેટરી **જ. અહમદભાઇ ઉનીયા સા.** એ રજુ કર્યો. જે સૌ સભાજનોને આપવામાં આવ્યો હતો તેને સભાજનોએ શાંતિથી સાંભળ્યો અને સર્વાનુમતે બહાલી આપી.( જે પેજ નંબર ૧૯-૨૦ ઉપર છપાયેલ છે.)

**કાર્ય નં. ૩ અને ૪:** સોસાયટીનો **સને ૨૦૧૯-૨૦૨૦** નો ઓડિટ થયેલ હિસાબ અને આવતા વર્ષના **૨૦૨૧-૨૦૨૨** ના માટેનું અંદાજીત બજેટ સભાજનોએ સહર્ષ મંજુર કર્યુ.

**કાર્ય નં. ૫ :** બે વર્ષ માટે હોદ્દેદારો, મેનેજીંગ કમિટિ,બોર્ડ ઓફ કાઉન્સિલના સભ્યો ની વરણી કરવામાં આવી. જેને સભાજનોએ મંજૂરીની મહોર મારી.

**પ્રમુખ**

**જ. અહમદ મહમદ ઉનીયા સા. - વડોદરા**

**ઓન.જન. સેક્રેટરી**

**જ. યુસુફ ઇશાકજી પટેલ સા. - કોસંબા**

**ટ્રેઝરર**

**જ. મહમદ એમ. ભાણા પટેલ સા. - એકલેરા**

**દ.મુ. :- જ.સલીમભાઇ એફ. પટેલ સા.**

**ટે.આ. :- જ.અ.સમદભાઇ આઇ. બલેસરીયા સા.**

## ઉપ પ્રમુખ

(ઉત્તર વિભાગ)

**જ. આદમ ઇબ્રાહીમ પાંચભાયા સા. - દઢાલ**

(મધ્ય વિભાગ)

**જ. અ.સમદ આઇ. બલેસરીયા સા. – નવાપુર**

(દક્ષિણ વિભાગ)

**જ. મ.ઇકબાલ સુલેમાન ઉનીયા સા. – નવસારી**

## ઓન.જોઇન્ટ સેક્રેટરી

(ઉત્તર વિભાગ)

**જ. સઇદઅહમદ અ.કાદર દરસોત સા. – અંકલેશ્વર**

(મધ્ય વિભાગ)

**જ. મેહમૂદ હૈદર વોરાજી સા. – મોટાવરાછા**

(દક્ષિણ વિભાગ)

**જ. અ.સમદ મહમદ અમેજી સા. – ઇટાળવા**

**દ.મુ. :– જ. અહમદ મહમદ ઉનીયા સા., ટે.આ. :– જ. મૌ.સોયબ યાકુબ ભૈયાત સા.**

## મેનેજીંગ કમિટી

| | |
|---|---|
| જ. સલીમભાઇ એફ. પટેલ સા. | આલીપોર |
| જ. મો.ફૈસલ અહમદ પટેલ સા. | પીરામણ |
| જ. અહમદ આઇ. મંગેરા સા. | કાંગવઇ |
| જ. એમ.એસ.કારા સા. | નાનીનરોલી |
| જ. સોયબ યુસુફ પારેખ સા. | બલેશ્વર |
| જ. મૌલાના સોયબ યાકુબ ભૈયાત સા. | સંજાલી |
| જ. અહમદ યુસુફ દિલેર સા. | વેસ્માં |
| જ. અનવર મહમદ નાનાબાવા સા. | સુરત |
| જ. અહમદ એમ. અમલા સા. | સુરત |
| જ. મુસાજી ઇબ્રાહીમ બલેસરીયા સા. | નવાપુર |
| જ. આદમજી યુસુફ પટેલ સા. | ઉમરવાડા |
| જ. ઇબ્રાહીમ મહમદ કાછલીયા સા. | કાલાકાછા |
| જ. યુસુફ જી.આઇ. મોતાલા સા. | કોસંબા |
| જ. ગુલામમહમદ આઇ. મુલ્લાં સા. | નવાપુર |
| જ. અશરફ ઇબ્રાહીમ પાંડોર સા. | લાજપોર |
| જ. શબ્બીર યાકુબ ડોબા સા. | કઠોર |
| જ. મહમદ અબુબકર અશરફ સા. | રાંદેર |
| જ. મુસા યુસુફ પટેલ સા. | સરૈયા |
| જ. એડ.અ.હક આઇ.વાડીવાલા સા. | બારડોલી |
| જ. ઇસ્માઇલ દાવજી પટેલ સા. | વડોદરા |
| જ. ઇમરાન ફારૂક બના સા. | તડકેશ્વર |
| જ. યુસુફ ઐયુબ ઇશાક સા. | કઠોર |
| જ. ડૉ. આઇ.વાય. વેડછીયા સા. | સુરત |
| જ. પ્રો. સુલેમાન કાસમ ભરૂચા સા. | રાંદેર |

**દ.મુ. :– જ. યુસુફ ઇશાકજી પટેલ સા.**

**ટે.આ. :– જ. મહમદ એમ.ભાણા પટેલ**

## બોર્ડ ઓફ કાઉન્સીલ

(ઉત્તર વિભાગ)

| | |
|---|---|
| જ. ઇબ્રાહીમ સાજીભાઇ મેમાન સા. | માંગરોળ |
| જ. યુસુફ મેહમૂદ પટેલ સા. | અંકલેશ્વર |
| જ. સુલેમાનભાઇ જીનવાલા સા. | કોસમડી |
| જ. યુસુફ યાકુબ જીભાઇ સા. | કોસાડી |
| જ. શબ્બીર મહમદ પટેલ સા. | ઉમરવાડા |
| જ. ફીરોઝ હાસીમ મમુજી સા. | હથુરણ |
| જ. ઐયુબ મહમદ જાંગડા સા. | ખરોડ |
| જ. યાકુબ ગુ.મહમદ રાવત સા. | અંકલેશ્વર |
| જ. કાસીમ મહમદ ઉનીયા સા. | વડોદરા |
| જ. ઇબ્રાહીમ(બાબુ) ગુ.મહમદ કોલી સા. | મુંબઇ |
| જ. યુસુફ મહમદ જીવા સા. | કોસંબા |

**દ.મુ. :– જ. સઇદભાઇ દરસોત સા.**

**ટે.આ. :– જ. યુસુફ જી.આઇ.મોતાલા સા.**

(મધ્ય વિભાગ)

| | |
|---|---|
| જ. સુલેમાન જી.અમલા સા. | મોટાવરાછા |
| જ. ઇસ્માઇલ એમ. દીનદાર સા. | ખોલવડ |
| જ. ઇકબાલ અ.કાદર પટેલ સા. | ખોલવડ |
| જ. મોબીન એમ. ગલીયારા સા. | બારડોલી |
| જ. મો. ઉમર અહમદ આદમ સા. | મોટાવરાછા |
| જ. અશરફ અહમદ રાંદેરી સા. | કઠોર |
| જ. અ.રશીદ યુસુફ પટેલ સા. | બોધાણ |
| જ. ઇમરાન અ.હક વાડીવાલા સા. | બારડોલી |
| જ. ડૉ. ઝુલ્કીફભાઇ માંજુ સા. | સુરત |
| જ. મુસા યુસુફ ભાઇમીઆં સા. | વરીયાવ |
| જ. મૌલાના ઇસ્માઇલ અહમદ અસ્માલ સા. | કઠોર |

**દ.મુ. :– જ. મહમદ અબુબકર અશરફ સા.**

**ટે.આ. :– જ. મેહમુદ હૈદર વોરાજી સા.**

### (દક્ષિણ વિભાગ)

| | | | |
|---|---|---|---|
| જ. યુસુફ મીંયા મહમદ માયત સા. | રાનકુવા | જ. મઝહર ઇબ્રાહીમ સાલેજી સા. | વેસ્માં |
| જ. ઇબ્રાહીમ અહમદ રાવત સા | નશીલપોર | જ. હારૂનરશીદ એમ. ભામજી સા. | ચીખલી |
| જ. યુસુફ આઇ. ધોરાત સા. | ભોરીયા | જ. હસન ઇસ્માઇલ માયત સા. | આલીપોર |
| જ. સોયબ ઇબ્રાહીમ હાફેજી સા. | એકલેરા | જ. સુલેમાન અહમદ ભાયાત સા. | નવસારી |
| જ. મીંયા મહમદ મુસા બાસર સા. | આલીપોર | જ. સલીમ અ.હૈય ફડીયા સા. | ડાભેલ |
| જ. યુસુફ ઇસ્માઇલ અસ્વાત સા. | જોગવાડ | જ. ઇલ્યાસભાઇ હાંસ સા. | સીમલક |
| જ. ઝકરીયા અ.હૈય ભાણા સા. | ઇટાળવા | **દ.મુ. :- જ. અહમદ યુસુફ દિલેર સા.** | |
| જ. માસુમ અહમદ ઘરૈયા સા. | ઇટાળવા | **ટે.આ. :- જ. મુસા યુસુફ પટેલ સા.** | |

**કાર્યં નં ૬ :** એ સિવાય બંધારણની કલમ ૧૮/૨ અનુસાર કોઈ પ્ર□ોન્ના હોવાથી એજન્ડાનું કામકાજ પુરૂં કરવામાં આવ્યું. **અને પછી ઈનામ વિતરણના કાર્યક્રમને હાથ ધરવામાં આવ્યો. શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિધાર્થીઓને રોકડ પુરસ્કાર (પ્રોત્સાહન ઇનામ),પ્રસંશાપત્ર અને મેડલ આપી કૌમના અન્ય વિધાર્થીઓને પણ પ્રોત્સાહન મળે એ આશયથી નીચે મુજબના મેડલો અને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.**

## ઈનામ વિતરણ :

### ડૉ.એમ. ઇ. કાઝી મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૭૫ વિધાર્થીઓમાંથી)**

**S.S.C. માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**હાજરા ગુલામહુશેન સુરતી – રાંદેર – ૮૭.૩૩ %** (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

**આ ઇનામ જ. ઝુબેરભાઇ બોટાવાલા સા.– મુંબઇ (રાંદેર) હસ્તે આપવામાં આવ્યું હતું.**

### મર્હુમ પ્રિ.અ.ખાલિક અમલા મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૮૫ વિધાર્થીઓમાંથી)**

**S.S.C. માં આપણી હદ વિસ્તારમાં આવતા મુસ્લિમ વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**હાજરા ગુલામહુશેન સુરતી – રાંદેર – ૮૭.૩૩ %** (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

**આ ઇનામ જ.અહમદભાઇ મોહમદ ઉનીયા સા.– વડોદરા (પીરામણ) હસ્તે આપવામાં આવ્યું હતું.**

### મુલ્લાં ફેમીલી-ધામરોડ મેડલ તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૨૭ વિધાર્થીઓમાંથી)

H.S.C (Science Stream) **માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**સફવાના અહમદ મઢી – સીમલક – ૮૩.૪૨** % (ધી સીમલક મુસ્લિમ એજયુ.ઇન્સ્ટીટયુટ –સીમલક

**આ ઇનામ જ. યુસુફભાઇ ઈશાકજી પટેલ સા.– કોસંબા (સાવા) હસ્તે આપવામાં આવ્યું હતું.**

### મર્હુમા આબેદાબહેન મહમદઅલી દરસોત - સંજાલી મેમોરીયલ રોકડ પુરસ્કાર રૂા. ૧૧ હજાર તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૨૭ વિધાર્થીઓમાંથી)

H.S.C (Science Stream) **માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**સફવાના અહમદ મઢી – સીમલક – ૮૩.૪૨** % (ધી સીમલક મુસ્લિમ એજયુ.ઇન્સ્ટીટયુટ –સીમલક)

**આ ઇનામ જ.સલીમભાઇ એફ. પટેલ સા. – આલીપોર હસ્તે આપવામાં આવ્યું હતું.**

## જીતાલી એવોર્ડ તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૧૫ વિધાર્થીઓમાંથી)

H.S.C. Science Stream માં દાતાની શરત મૂજબ (અંગ્રેજી, ગણિત તથા વિજ્ઞાનના) વિષયોમાં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર

ફાતેમા મકસુદ ભટ્ટ – સુરત ૮૨.૧૫ (૭૯) % (સર જે.જે.ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,સુરત )

આ ઇનામ જ.મહમદભાઇ એમ.ભાણા પટેલ સા. – એકલેરા હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમ ગુલામમહમદ ટીલી મેડલ તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૧૫ વિધાર્થીઓમાંથી)

H.S.C. સામાન્ય પ્રવાહમાં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર

સફવાન મોહંમદ પાંડોર – માંગરોળ – ૮૬.૭૧ % (એસ.પી.મદ્રેસા હાઇસ્કુલ,માંગરોળ)

આ ઇનામ જ. અ.સમદ આઇ. બલેસરીયા સા.– નવાપુર હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૨૦ વિધાર્થીનીઓમાંથી)

H.S.C. સામાન્ય પ્રવાહમાં વહોરા વિધાર્થીનીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર

ફાતીમા મોહંમદ અશરફ – રાંદેર – ૯૧.૨૦ % (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

આ ઇનામ જ. યુસુફ ઇબ્રાહીમ પીપરડી સા.– યુ.કે. (રાંદેર) હસ્તે આપવામાં આવ્યું હતું.

## S.S.C માં ૮૫ % થી વધુ માર્કસ મેળવનારને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર

(૨) ઉમયમા ઇમ્તિયાઝ જબ્બાર – માખીંગા – ૮૫.૩૩ % (ધી સીમલક મુસ્લિમ એજયુ.ઇન્સ્ટીટયુટ –સીમલક)

આ ઇનામ જ. રશીદભાઇ યુસુફ પાંચભાયા સા. – દુબઇ (દઢાલ) હસ્તે આપવામાં આવ્યુ હતુ.

(૨) અઝીમા ઇલ્યાસ ભૈયાત – હથુરણ – ૮૫.૩૩ % (કે.વાય.કે. હાઇસ્કુલ, હથુરણ)

આ ઇનામ જ. અહમદઝકરીયા એમ. ગંગાત સા. – કેનેડા (ઉમરવાડા) હસ્તે આપવામાં આવ્યુ હતુ.

## H.S.C (Science Stream) માં ૭૫ % થી વધુ માર્કસ મેળવનારને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર

(૨) ફાતેમા ફારૂક બીજાભાઇ – પીરામણ – ૮૨.૩૦ % (ધી મોડલ હાઇસ્કુલ,કાપોદરા)

આ ઇનામ જ. સુલેમાન યુસુફ પટેલ સા.– કેનેડા (મહુવેજ) હસ્તે આપવામાં આવ્યું હતું.

(૩) સુમૈયા ઇસ્માઇલ જીવા – રાંદેર – ૮૨.૦૦ % (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

આ ઇનામ જ. ડૉ. આઇ.વાય. વેડછીયા સા.– સુરત (કોસંબા) હસ્તે આપવામાં આવ્યું હતું.

(૪) મારીયા શબ્બીર બાવા – લાજપોર – ૭૯.૭૧ % (મુન્શી એન્ડ દાદી પટેલ હાઇસ્કુલ,લાજપોર)

આ ઇનામ જ. મુસા યુસુફ પટેલ સા.– સરૈયા હસ્તે આપવામાં આવ્યું હતું.

(૫) અસજદ ઇસ્માઇલ નાના – સીમલક – ૭૮.૦૦ % (ધી સીમલક મુસ્લિમ એજયુ.ઇન્સ્ટીટયુટ –સીમલક)

આ ઇનામ જ. અહમદભાઇ ઉનીયા સા.– વડોદરા (પીરામણ) હસ્તે આપવામાં આવ્યું હતું.

(૬) આલીયા ઇસ્માઇલ માકડા – રાંદેર – ૭૭.૨૮ % (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

આ ઇનામ જ. ઇમરાન મુસા બદાત સા.– યુ.કે. (બૌધાણ) હસ્તે આપવામાં આવ્યું હતું.

(૭) ઝૈનબ મોહંમદ હાંસ– રાંદેર – ૭૬.૪૨ % (પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કુલ,રાંદેર)

આ ઇનામ જ. ઇમરાન મુસા બદાત સા.– યુ.કે. (બૌધાણ) હસ્તે આપવામાં આવ્યું હતું.

(૮) સાદીયા સુલેમાન ઇંગાર – તડકેશ્વર – ૭૬.૦૦ % (ફલાહી હાઇસ્કુલ,તડકેશ્વર)

આ ઇનામ જ. અ.સમદ આઇ.બલેસરીયા સા.– નવાપુર હસ્તે આપવામાં આવ્યું હતું.

## H.S.C (General Stream) માં ૮૦ % થી વધુ માર્કસ મેળવનારને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર

**(૨) ઝેબા અકબર મંગેરા – માંગરોળ – ૮૭.૭૧ % (એસ.પી. મદ્રેસા ગર્લ્સ હાઇસ્કુલ, માંગરોળ )**
**આ ઇનામ જ. મહમદ એમ.ભાણા પટેલ સા.– એકલેરા હસ્તે આપવામાં આવ્યું હતું.**

**(૩) સાદીયા ફારૂક બદુડા – નવાપુર – ૮૩.૩૮ % (ધી એન.ડી.એન્ડ એમ.વાય.સાર્વ.હાઇ.,નવાપુર )**
**આ ઇનામ જ. યુસુફ ઇશાકજી પટેલ સા.– કોસંબા (સાવા) હસ્તે આપવામાં આવ્યું હતું.**

**(૪) મરીયમ મોહંમદ ઉમર – માંગરોળ – ૮૨.૨૮ % (એસ.પી.મદ્રેસા ગર્લ્સ હાઇસ્કુલ, માંગરોળ )**
**આ ઇનામ જ. યાકુબભાઇ ભૈયાત સા.– યુ.કે. (કોસંબા) હસ્તે આપવામાં આવ્યું હતું.**

**(૫) લાએબા અલ્તાફ ટીમોલ – મોટાવરાછા – ૮૧.૪૨ % (મદ્રેસા ઇસ્લામીયા હાઇસ્કુલ,મોટાવરાછા)**
**આ ઇનામ જ. ઝુબેરભાઇ બોટાવાલા સા.– મુંબઇ (રાંદેર) હસ્તે આપવામાં આવ્યું હતું.**

**જઝાકુમુલ્લાહ**

## સોસાયટીના ૭૩ માં વાર્ષિક અધિવેશન પ્રસંગે સંસ્થાને મળેલ દાનની વિગત

- **જ.ઇબ્રાહીમભાઇ હસનજી વાડીવાલા સા. યુ.એસ.એ. (સુરત)** તરફથી **રૂા ૫૦,૦૦૦/–** સોસાયટીના બેવાફંડમાં તેમજ **રૂા.૨૦,૦૦૦/–** એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટમાં મળ્યા છે.
- **જ. સુલેમાન યુસુફ પટેલ સા. કેનેડા (મહુવેજ)** તરફથી **રૂા.૫૦,૦૦૦/–** સોસાયટીના ઝકાતફંડમાં **રૂા.૧૦,૦૦૦/–** બેવાફંડમાં તથા **રૂા. ૧૦,૦૦૦/–** હાયર એજ્યુકેશનફંડમાં મળ્યા છે.
- **જ. ઇસ્માઇલ ગોરા મુલ્લાં સા. કેનેડા (હથુરણ)** તરફથી **રૂા. ૫૦,૦૦૦/–** સોસાયટીના સ્કોલરશીપફંડમાં મળ્યા છે.
- **જ. અહમદઝકરીયા ગંગાત સા. (મસ્કતિ) કેનેડા (ઉમરવાડા)** તરફથી **રૂા. ૨૫,૦૦૦/–** સોસાયટીના બેવાફંડમાં તથા **રૂા.૧૦,૦૦૦/–** હાયર એજ્યુકેશનફંડમાં મળ્યા છે.
- **જ. ઇમરાન મુસા બદાત સા. યુ.કે. (બૌધાણ)** તરફથી **રૂા.૧૦,૦૦૦/–** હાયર એજ્યુકેશનફંડમાં મળ્યા છે.

## ત્યાર બાદ પ્રાસંગિક પ્રવચન માટે વિનંતી કરાતા સૌ પ્રથમ :-

**અતિથિ વિશેષ જ. ઝુબેરભાઇ બોટાવાલા સા.** એ જણાવ્યું કે આજની સભામાં મને સોસાયટી તરફથી જે ઇન્વીટેશન મળ્યું તે બદલ હું ટ્રસ્ટી મંડળનો આભાર માનું છું. મારૂ ગુજરાતી એટલુ સારૂ નથી માટે કંઇ ભુલ થાય તો મને માફ કરશો. આજે અહીંયા આવીને મને એક વાતનો સંતોષ છે કે આજે જે વિધાર્થીઓએ ઇનામો મેળવ્યા છે તેમાં છોકરાઓ કરતા છોકરીઓએ વધારે ઇનામ મેળવ્યા છે. માટે મને ખુશી છે કે આપણા મુસ્લિમોની છોકરીઓ હવે કિચનમાંથી બહાર નીકળી એજ્યુકેશન મેળવી રહી છે. તે મહત્વની બાબત છે. આજે આપણા છોકરાઓએ પરદેશમાં જવાનું હોય તો એજ્યુકેશન વગર શકય નથી અને એજ્યુકેશન હશે તોજ પરદેશમાં સારી નોકરી મળશે અને આગળ આવશે. આજે આટલી મોટી કોલેજ આપણી પાસે છે તો દરેક વિધાર્થીઓએ એજ્યુકેશન મેળવવુ જોઇએ. એજ્યુકેશન મેળવીને જશે તો જ વેલ્યુ થશે. આટલા વરસ સુધી મે ફકત રાંદેરમાંજ કામ કર્યુ છે. હવે પછીના મારા ૧૦ વર્ષ માટે આગળનું લક્ષ્ય એ છે કે આપણા વહોરાઓના જે ૧૬૫ ગામ છે ત્યાં ધીરે ધીરે પહોચવું છે, અલ્લાહ મને કામ્યાબ કરે.આજ સુધી હું ફકત રાંદેરમાં જ મિટીંગમાં ગયો છું, પરંતુ આજે આ ૧૬૫ ગામની વહોરાઓની મિટીંગ આટલી સારી રીતે, શાંતિથી ચાલી છે તે જોઇને મને સમજમાં નથી આવતુ કે ગામડાઓમાં આટલો ઝગડો કેમ થાય છે હવે આગળ મારાથી,મારા ટ્રસ્ટ થકી સોસાયટીને,સમાજને સારી મદદ થાય એવી હું કોશીશ કરીશ.ઇન્શાઅલ્લાહ.અંતમાં સોસાયટીની મિટીંગ આટલી શાંતિથી થાય છે તો દરેક

ગામવાસીઓ જે આજે હાજર છે એમણે શીખવું જોઇએ અને શીખ લેવી જોઇએ.અંતમાં આપે મને શાંતિથી સાંભળ્યો તે બદલ તમામનો ખુબ – ખુબ આભાર.

**જ.તાહેરભાઇ હરીફ સા. કઠોર** એ પોતાની સુંદર શાયરીથી સભાજનોને ખુશ કરી દીધા હતા.

**સોસાયટીના નવા વરાયેલા પ્રમુખ જ. અહમદ મોહંમદ ઉનીયા સા.** એ જણાવ્યું કે આજની સભાએ મને પ્રમુખ તરીકે નીમ્યો છે તે બદલ હું તમામનો આભાર માનું છું. સંસ્થાના પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર, ચેરમેન રોજે રોજના કામ પર નજર રાખે છે. બાકીતો આખી મેનેજીંગ કમિટી, કાઉન્સીલ સર્વોપરી છે.સોસાયટીની કમિટીની સાથે-સાથે આપણા બધાની પણ જવાબદારી છે કે આપણી એ.વાય.દાદાભાઇ કોલેજમાં આપણા વહોરા વિધાર્થીઓ વધુને વધુ એડમીશન મેળવે અને લાભ મેળવી આગળ વધે. આપણે બધાએ તો અલ્લાહ અને હુઝુર સ.અ.વ.ના હુકમ મુજબ વધુને વધુ ચેરીટી કરવી જોઇએ કે જેથી સોસાયટી વધુને વધુ મદદ કરે અને અંતમાં હું તમામ દેશ-પરદેશના મહેમાનોને વિનંતી કરૂ છું કે સોસાયટીને વધુને વધુ મદદ કરી પગભર બનાવે.

**આભારવિધી :- જ. આદમ ઇબ્રાહીમ પાંચભાયા સાહેબે** પોતાની આભારવિધીમાં અત્રે ઉપસ્થિત દેશ-વિદેશથી પધારેલ તમામ મહેમાનોનો આભાર માન્યો હતો. સાથે સોસાટીના પ્રમુખ,સેક્રેટરી,ચેરમેન, મેનેજીંગ કમિટીના સભ્યો,કાઉન્સીલના સભ્યો,પેટ્રન, વાઇસ પેટ્રન, લાઇફ મેમ્બરો, સોસાયટીના કર્મચારીઓ તથા એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટના સ્ટાફગણનો આભાર માન્યો હતો.

**અને અંતમાં જ. મુફતી અલ્તાફ ડુંગરીવાલા સા.** ની દુઆ સાથે અધિવેશન પૂર્ણ થયું હતું. આ અધિવેશનનું સફળ સંચાલન એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટના ડાયરેકટર **જ. મો. હનીફભાઇ દાલચાવલ સા.** એ કર્યુ હતું.

**આપણી સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટીના કોસંબા ખાતે એ.વાય.દાદાભાઇ ટેકનીકલ કોલેજમાં મળેલ દરેક અધિવેશનમાં સોસાયટીના ટ્રસ્ટી મંડળ તરફથી અધિવેશનનો તમામ ખર્ચ આપવામાં આવે છે.**

## સોસાયટીના ૭૩ માં વાર્ષિક અધિવેશનના મિટીંગ ખર્ચ માટે નીચે મુજબના સાહેબો તરફથી મળેલ રકમ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦,૦૦૦ | જ.અહમદ મહમદ ઉનીયા સા. | વડોદરા | ૫,૦૦૦ | જ.ઇલ્યાસ અ.હૈય હાંસ સા. | સીમલક |
| ૧૦,૦૦૦ | જ.યુસુફ ઇશાકજી પટેલ સા. | કોસંબા | ૫,૦૦૦ | જ.આદમ ઇબ્રાહીમ પાંચભાયા સા. | દઢાલ |
| ૧૦,૦૦૦ | જ.સલીમભાઇ એફ. પટેલ સા. | આલીપોર | ૫,૦૦૦ | જ.યુસુફ યાકુબ જીભાઇ સા. | કોસાડી |
| ૫,૩૦૦ | જ.યુસુફ ઐયુબ ઇશાક સા. | કઠોર | ૪,૦૦૦ | જ.મેહમુદ હૈદર વોરાજી સા. | મોટાવરાછા |
| ૫,૦૦૦ | જ.મહમદ મહમુદ ભાણાપટેલ સા. | એકલેરા | ૩,૦૦૦ | જ.મહમદ અબુબકર અશરફ સા. | રાંદેર |
| ૫,૦૦૦ | મૌલાના સોયબ યાકુબ ભૈયાત સા. | સંજાલી | ૩,૦૦૦ | જ.મ.ઉમર અહમદ આદમ સા. | મોટાવરાછા |
| ૫,૦૦૦ | જ.અ.રશીદ યુસુફ પટેલ સા. | બોધાણ | ૩,૦૦૦ | જ. ઇસ્માઇલ ડી. પટેલ સા. | વડોદરા |
| ૫,૦૦૦ | જ.અ.સમદ મહમદ અમેજી સા. | ઇટાળવા | ૨,૫૦૦ | જ.મુસા યુસુફ ભાઇમીંઆ સા. | વરીયાવ |
| ૫,૦૦૦ | જ.ઇકબાલ સુલેમાન ઉનીયા સા. | નવસારી | | | |

## મર્હુમ અહમદભાઇ પટેલ સાહેબના માનમાં પ્રસિધ્ધ થયેલ વહોરા સમાચાર વિશેષ અંકના ખર્ચ પેટે નીચે મુજબના સાહેબો તરફથી મળેલ રકમ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫,૦૦૦ | જ.અહમદ મહમદ ઉનીયા સા. | વડોદરા | ૫,૦૦૦ | જ.આદમ ઇબ્રાહીમ પાંચભાયાસા. | દઢાલ |
| ૧૦,૦૦૦ | જ.યુસુફ ઇશાકજી પટેલ સા. | કોસંબા | ૫,૦૦૦ | જ.યુસુફ યાકુબ જીભાઇ સા. | કોસાડી |
| ૧૦,૦૦૦ | જ.ઇકબાલ સુલેમાન ઉનીયા સા. | નવસારી | ૪,૦૦૦ | જ. ડૉ. આઇ.વાય.વેડછીયા સા. | સુરત |
